દાખલ તારીખ :- ૦૩-૦૮-૨૦૨૪
નોંધણી તારીખ :- ૦૩-૦૮-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૨૪-૦૩-૨૦૨૬
સમયગાળો :- **વર્ષ-માસ-દિવસ**
**૦૧-૦૭-૨૧**

**પાટણના મે.ચોથા એડીશનલ સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

**ક્રિ.પર.અ.નં. ૭૩૨/૨૦૨૪**

**આંક :- ૦૭**

**અરજદાર :-** શ્રી સરકાર.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :-** (૧) કાળાજી કરશનજી ઠાકોર,
(૨) શ્રવણજી ઉર્ફે ગુગાજી કરશનજી ઠાકોર,
(૩) સુરેશજી રામજીજી ઠાકોર,
તમામ રહે. અડીયા, તા.હારીજ.

**બાબતઃ-** બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮(૩) મુજબ જામીન રદ કરવાની અરજી.

**એડવોકેટસ :-**

અરજદાર/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ
સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી એ.એલ.દેસાઇ

**-::ઠ રા વ::-**

(૧) આ કામના અરજદાર/ શ્રી સરકારે હાલની અરજી બી.એન. એસ.એસ.ની કલમ-૪૩૮(૩) અન્વયે હારીજ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૦ ૯૨૦૦૭૧૨/૨૦૨૦, ઇ.પી.કો.કલમ-૩૨૬, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ કારણો અને હકીકત મુજબ સામાવાળા/મૂળ આરોપીઓના જામીન રદ કરવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/ શ્રી સરકારની હાલની અરજી અંગે સામાવાળા/ મૂળ આરોપીઓને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા/ મુળ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.એલ.દેસાઇ હાજર રહેલ છે.

(૩) આ કામે અરજદાર/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની દલીલોમાં એવુ જણાવેલ છે કે, મૂળ ફરિયાદીએ આ કામના સામાવાળાઓ વિરૂઘ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૦૯૨૦૦૭૧૨/ ૨૦૨૦, ઇ.પી.કો.કલમ-૩૨૬, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાની ફરીયાદ દાખલ કરેલ. જે ગુનાના કામે સામાવાળાઓને નામદાર એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રી, પાટણ નાઓ દ્વારા ફો.પ.અ.નં.૭૯૩/૨૦૨૦ થી રેગ્યુલર જામીન ઉપર શરતોને આધિન મુક્ત કરવામાં આવેલ છે અને તેમાં શરત નં. "૨. અરજદાર/આરોપીઓએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઇ ગુનો કરવો નહી." મુજબની શરત લાદવામાં આવેલ. ત્યારબાદ સામાવાળાઓ જામીન પર મુક્ત થયા બાદ સામાવાળા નં. ૧, ૨ નાઓ વિરૂઘ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૦૬૪૭/૨૦૨૨, ઇ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૪ વિગેરે તેમજ સામાવાળા નં. ૨ નાઓ વિરૂઘ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૦૦૫૭/૨૦૨૪, ઇ.પી.કો.કલમ-૩૫૪(એ), ૩૫૪(બી),

૩૫૪(ડી) વિગેરે તેમજ સામાવાળા નં. ૧, ૨, ૩ નાઓ વિરૂધ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૦૯૨૪૦૫૨૨/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૧૧૮(૧), ૧૧૮(૨) વિગેરે મુજબના ગુનાઓ નોંધાયેલ છે. આમ, સામાવાળાઓ ફો.પ.અ.નં.૭૯૩/૨૦૨૦ ના હુકમની શરત નં. ૨ નો ભંગ કરેલ છે અને ગુનાહીત પ્રવૃત્તિ આચરેલ છે. જેથી સામાવાળા/મૂળ આરોપીઓના જામીન રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા/મુળ આરોપીઓ તરફે વિ.વકીલશ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના સામાવાળાઓએ મૂળ ફરિયાદીને કોઇ ધમકી આપેલ નથી કે કોઇ સુલેહ શાંતિનો ભંગ થયેલ હોય તેવું બનેલ નથી. સામાવાળાઓ સામે માત્ર ફરિયાદ થઇ છે અને ખોટા આક્ષેપ કરેલ છે અને તેની ટ્રાયલ ચાલુ છે અને તેઓ ગુનેગાર ઠર્યા નથી અને તેઓ ગુનેગાર છે તેવું પુરવાર થયેલ નથી. આથી શરતનો ભંગ થયેલ ન ગણાય. માત્ર સામાવાળા/મૂળ આરોપીઓને હેરાન પરેશાન કરવા હાલની અરજી કરેલ છે. સામાવાળા/મૂળ આરોપીઓએ નામદાર કોર્ટની કોઇ શરતનો ભંગ કરેલ નથી. જેથી સામાવાળા/ મૂળ આરોપીઓના જામીન રદ કરવા જોઈએ નહીં અને હાલના અરજદાર/ શ્રી સરકારની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) પક્ષકારોના વિઘ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી. અરજદાર/ શ્રી સરકાર તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. વધુમાં આ કામે હાલની અરજી અરજદાર/ શ્રી સરકારે રજૂ કરી જણાવેલ કે, આ કામના સામાવાળા/મૂળ આરોપીઓને હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૦૯૨૦૦૭૧૨/ ૨૦૨૦, ઇ.પી.કો.કલમ–૩૨૬, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે નામદાર એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રી, પાટણ નાઓ દ્વારા ફો.પ.અ.નં.૭૯૩/૨૦૨૦ થી રેગ્યુલર જામીન ઉપર શરતોને

આધિન મુક્ત કરવામાં આવેલ છે અને તેમાં શરત નં. "૨. અરજદાર/આરોપીઓએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઇ ગુનો કરવો નહી." મુજબની શરત લાદવામાં આવેલ અને સામાવાળા/મૂળ આરોપીઓ જામીન પર મુક્ત થયા બાદ સામાવાળા નં. ૧, ૨ નાઓ વિરૂધ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૦૬૪૭/૨૦૨૨, ઇ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૪ વિગેરે તેમજ સામાવાળા નં. ૨ નાઓ વિરૂધ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૦૦૫૭/ ૨૦૨૪, ઇ.પી.કો.કલમ-૩૫૪(એ), ૩૫૪(બી), ૩૫૪(ડી) વિગેરે તેમજ સામાવાળા નં. ૧, ૨, ૩ નાઓ વિરૂધ્ધ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૦૯ ૨૪૦૫૨૨/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ-૧૧૮(૧), ૧૧૮(૨) વિગેરે મુજબના ગુનાઓ નોંધાયેલ છે. પરંતુ આ ગુનાઓની એફ.આઇ.આર. થઇ છે અને ચાર્જશીટ થયા છે. એફ.આઇ.આર. અને ચાર્જશીટ એ માત્ર ગુનાઓના આક્ષેપ છે. આ ગુના પૈકીનો એક પણ ગુનો પુરવાર થયો હોય તેવી કોઇ વિગત ફરિયાદ પક્ષ રજૂ કરી શકેલ નથી. તેવા સંજોગોમાં આરોપીઓએ આવા પ્રકારના ગુનાઓ કર્યા છે તે પુરવાર થયાની ગેરહાજરીમાં શરત ભંગ થયાનું માની શકાય નહી. વધુમાં સામાવાળા/મૂળ આરોપીઓ દ્વારા હાલના કામે કોઇ સુલેહશાંતિનો ભંગ કર્યો હોય કે, ફરિયાદી/સાહેદોને કોઇ ધાક ધમકી આપી હોય તેવી કોઇ હકીકત પણ બનવા પામેલ નથી. વધુમાં શરત નાંખવા પાછળનો મુખ્ય હેતુ કોઇ સુલેહશાંતિનો ભંગ ન થાય કે ફરિયાદી કે સાહેદોને ફોડવા માટે કોઇ પ્રયત્ન કરવામાં ન આવે તે માટે શરત નાંખવામાં આવેલ હોય છે. આમ, સામાવાળા/મૂળ આરોપીઓ જામીન પર મુક્ત થયા બાદ આવી કોઇ બીના બની હોય તેવી કોઇ હકીકત મળી આવતી નથી.

વધુમાં સામાવાળા/મૂળ આરોપીઓ સામે જે ફરિયાદીઓ થયેલ છે તે ધ્યાને લેતાં કોઇપણ ફરિયાદ એ માત્ર આક્ષેપ છે. તે ફરિયાદ જ્યાં સુધી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી દોષિત ઠરતો નથી. સદર ફરિયાદોની ટ્રાયલ હજુ પેન્ડીગ છે. તેથી ફરિયાદ માત્રથી આરોપી સામે ફરિયાદમાં જણાવ્યા મુજબના આક્ષેપોથી પ્રથમદર્શનીય રીતે જામીનના હુકમની શરત ભંગ થયાનું માની શકાય નહી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ સામાવાળા/ મૂળ આરોપીઓના જામીન રદ કરવા માટેના સંજોગો જણાઇ આવતા ન હોઇ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

– આ કામના અરજદાર/શ્રી સરકાર તરફેની સામાવાળા/મુળ આરોપીઓના રેગ્યુલર જામીન રદ કરવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

– આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા ટ્રાયલ કોર્ટને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪–૦૩–૨૦૨૬
પાટણ

(મહંમદઈરફાન અબ્દુલરઝાકભાઈ શેખ)
ચોથા એડીશનલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

ARP